# ગાંધીનગર મનપા ચૂંટણીમાં ફોર્મ પરત ખેંચાવવા પોલીસના દબાણના આક્ષેપો

**વોર્ડ** 6-7ના ઉમેદવારોને ધમકાવાતા હોવાનો કોંગ્રેસનો દાવો; એલસીબી પોઈ સહિત પોલીસ સામે રાજ્ય ચૂંટણી પંચમાં ફરિયાદ

**કોંગ્રેસે** હાઈકોર્ટ જવાની ચીમકી આપી

ગાંધીનગરઃ ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં ઉમેદવારી પત્રોની ચકાસણી વચ્ચે જ ફોર્મ પરત ખેંચાવવા પોલીસ દ્વારા દબાણ કરવામાં આવતું હોવાના કોંગ્રેસના આક્ષેપોથી રાજકીય ગરમાવો વધ્યો છે.

કોંગ્રેસે વોર્ડ નં. 6 અને 7ના પોતાના ઉમેદવારો તથા તેમના પરિવારજનોને પોલીસ દ્વારા ઉમેદવારી પરત ખેંચવા માટે ધમકાવવામાં આવતા હોવાનો દાવો કરી એલસીબીના પોલીસ ઈન્સ્પેક્ટર સહિતના કેટલાક પોલીસ કર્મચારીઓ સામે રાજ્ય ચૂંટણી પંચમાં રજૂઆત કરી છે. કોંગ્રેસે સમગ્ર મામલે તપાસ, ઉમેદવારોને સુરક્ષા અને પોલીસ દ્વારા કોઈપણ પ્રકારનું દબાણ ન થાય તે માટે તાત્કાલિક સૂચના આપવાની માંગ કરી છે.

કોંગ્રેસના જણાવ્યા મુજબ, કેટલાક પોલીસ કર્મચારીઓ ઉમેદવારોનો સંપર્ક કરી રહ્યા છે અને કેટલાક ઉમેદવારોના ઘરે જઈને પણ ફોર્મ પરત ખેંચવા માટે દબાણ કરવામાં આવ્યું હોવાના પુરાવા ચૂંટણી પંચને આપવામાં આવ્યા છે. આ આક્ષેપો અંગે ભાજપ અથવા સંબંધિત પોલીસ અધિકારીઓની સત્તાવાર પ્રતિક્રિયા હાલ સામે આવી નથી, તેથી આ દાવાઓની સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી.

ફોર્મ પરત ખેંચાવવાના દબાણની આશંકા વચ્ચે કોંગ્રેસે પોતાના ઉમેદવારોને અગાઉ સુરક્ષિત સ્થળે ખસેડ્યા હતા. હવે ચૂંટણી પંચ સમક્ષ કરવામાં આવેલી રજૂઆતમાં ઉમેદવારો અને તેમના પરિવારજનોને સુરક્ષા આપવા તથા આક્ષેપો સાચા જણાય તો જવાબદાર પોલીસ કર્મચારીઓ સામે વિભાગીય અને જરૂરી કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે. કોંગ્રેસે તાત્કાલિક કાર્યવાહી નહીં થાય તો ગુજરાત હાઈકોર્ટનો સંપર્ક કરવાની ચીમકી પણ આપી છે.

### કોંગ્રેસને પોતાના માણસો પર ભરોસો નથીઃ ભાજપનો વળતો પ્રહાર

ગાંધીનગર મનપા ચૂંટણીમાં પોલીસ દબાણના કોંગ્રેસના આક્ષેપો વચ્ચે ભાજપે વળતો પ્રહાર કર્યો છે. ભાજપના પ્રદેશ મુખ્ય પ્રવક્તા ડો. અનિલ પટેલે કોંગ્રેસની ચૂંટણી પંચ સમક્ષની રજૂઆતને "પાયાવિહોણા આક્ષેપો"ગણાવી કહ્યું હતું કે , કોંગ્રેસે બંધારણીય સંસ્થાઓમાં વિશ્વાસ રાખવો જોઈએ. તેમણે આક્ષેપ કર્યો કે કોંગ્રેસ અગાઉ ઈવીએમ અને સર બાદ હવે ચૂંટણી પંચને નિશાન બનાવી રહી છે અને ચૂંટણીમાં પરાજયની આશંકાથી આવા આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. ઉમેદવારો અને ટેકેદારોને સુરક્ષિત સ્થળે ખસેડવાના કોંગ્રેસના નિર્ણય અંગે પણ તેમણે સવાલો ઉઠાવી કહ્યું હતું કે , કોંગ્રેસને પોતાના ઉમેદવારો પર ભરોસો નથી.

# નાનાભાઈએ જમવા બેસવાના સામાન્ય ઝઘડામાં મોટાભાઈને બ્લેડ મારી દીધી

**માથા** અને આંખમાં ઈજા, આંખનું ઓપરેશન કરાવવું પડે તેવી સ્થિતિ

સુરત : જહાંગીરપુરા વિસ્તારમાં આવેલા સુમન વંદન આવાસમાં કૌટુંબિક હિંસાની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ઘરમાં પરિવાર સાથે જમવા બેસવા જેવી અતિ સામાન્ય બાબતે થયેલી બોલાચાલીમાં ઉશ્કેરાઈ ગયેલા નાના ભાઈએ પોતાના જ મોટા ભાઈ પર ઘરમા રહેલી ધારદાર બ્લેડ વડે હુમલો કરી દીધો હતો.

જહાંગીરપુરા ખાતે આવેલા સુમન વંદન આવાસ (પી-૨) માં રહેતા અને કતારગામ ખાતે હીરા ઘસવાનું કામ કરતા સુનીલ બાબુભાઈ વાણિયા (ઉં.વ. ૨૬) એ જહાંગીરપુરા પોલીસ મથકમાં પોતાના નાના ભાઈ નિલેશ (ઉં.વ. ૨૩) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ગત તા. ૨૬ સપ્ટેમ્બરના રોજ સાંજે સુનીલ પોતાની નોકરી પર હતો ત્યારે તેની માતા ગીતાબેને ફોન કરીને તાત્કાલિક ઘરે આવવા જણાવ્યું હતું અને કહ્યું હતું કે ઘરમાં મોટા ભાઈ પિયુશ (ઉં.વ. ૨૯) અને નાના ભાઈ નિલેશ વચ્ચે ઉગ્ર ઝઘડો થઈ રહ્યો છે. માતાનો ફોન આવતા જ સુનીલ તાત્કાલિક ઘરે પહોંચ્યો હતો. ઘરની નીચે પાર્કિંગમાં માતા મળી આવતા સુનીલ તેમને સાથે લઈને ફ્લેટમાં ગયો હતો. ઘરમાં પ્રવેશતા જ મેઈન દરવાજા પાસે તેનો મોટો ભાઈ પિયુશ લોહીલુહાણ હાલતમાં પડેલો જોવા મળ્યો હતો. તેની ડાબી આંખ અને માથામાંથી પ્રચંડ લોહી વહી રહ્યું હતું. સુનીલે પૂછપરછ કરતા ઈજાગ્રસ્ત પિયુષે જણાવ્યું કે, અમે બંને જમવા બેઠા હતા ત્યારે સામાન્ય બાબતમાં બોલાચાલી થઈ હતી. જેથી આવેશમાં આવી ગયેલા નિલેશે ઘરમાં પડેલી બ્લેડ લાવી ડાબી આંખમાં તથા માથામાં કાનથી ઉપરના ભાગે મારી દીધી હતી. ઘટના બાદ નાનો ભાઈ નિલેશ અંદરના રૂમમાં દરવાજો બંધ કરીને બેસી ગયો હતો. સુનીલે દરવાજો ઠોકીને બહાર બોલાવતા નિલેશના હાથમાં લોહીવાળી બ્લેડ જોવા મળી હતી. આ દરમિયાન મોટા પપ્પાનો દીકરો લાલો પણ ત્યાં આવી પહોંચ્યો હતો. સુનીલ અને તેની માતા ગીતાબેન ઈજાગ્રસ્ત પિયુષને તાત્કાલિક નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈ આવ્યા હતા. સિવિલ હોસ્પિટલના વોર્ડમાં સારવાર કરી રહેલા ડોક્ટરોએ જણાવ્યું હતું કે, પિયુષની ડાબી આંખમાં ગંભીર ઈજા થઈ હોવાથી તેનું ઓપરેશન કરવું પડશે, જ્યારે માથાના ભાગે કાનથી ઉપર ૫ ટાંકા આવ્યા છે. સિવિલમાં સારવાર હેઠળ રહેલા પિયુષના ભાઈ સુનીલના નિવેદનના આધારે જહાંગીરપુરા પોલીસે નાના ભાઈ નિલેશ સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## બીએસસી નર્સિંગ સહિતના કોર્સમાં પ્રવેશ માટે ત્રીજા રાઉન્ડની ચોઈસ ફિલિંગ શરૂ

ગાંધીનગરઃ વર્ષ 2026-27 માટે બી.એસસી. નર્સિંગ, ફિઝિયોથેરાપી, જી.એન.એમ., એ.એન.એમ., ઓપ્ટોમેટ્રી, ઓક્યુપેશનલ થેરાપી, બી. ઓર્થોટિક્સ એન્ડ પ્રોસ્થેટિક્સ, બી.એ.એસ.એલ.પી. તેમજ નેચરોપેથી સહિતના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ત્રીજા રાઉન્ડની ચોઈસ ફિલિંગ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. પ્રવેશ ઈચ્છુક વિદ્યાર્થીઓ 3 ઓક્ટોબર, 2026 સુધી ઓનલાઈન ચોઈસ ફિલિંગ કરી શકશે. બીજા રાઉન્ડમાં કોર્સ મુજબ રિપોર્ટિંગની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ કુલ 36,947 બેઠક ખાલી રહી છે, જ્યારે બીજા રાઉન્ડમાં 14,523 બેઠક પર પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. ત્રીજા રાઉન્ડની ચોઈસ ફિલિંગની પ્રક્રિયા 3 ઓક્ટોબરના રોજ સવારે 10 વાગ્યા સુધી ખુલ્લી રહેશે. ત્રીજા રાઉન્ડમાં કેટલી બેઠકો ખાલી રહે છે તેની પર આગળનો ચોથો રાઉન્ડ થશે.

# પાંડેસરામાં યુવકને માર મારી ખંડેરના પહેલા માળેથી ફેંકી દીધો

**રિક્ષામાં** અપહરણ કરી નાગસેન નગરના ખંડેરમાં લઈ ગયા, 'તું લલાનો માણસ છે' કહી લોખંડના બોથડ પદાર્થથી જડબું તોડી નાંખ્યું

સુરતઃ પાંડેસરા વિસ્તારમાં રાત્રિના સમયે સનસનાટીભરી અપહરણ અને પ્રાણઘાતક હુમલાની ઘટના સામે આવી છે.

પાંડેસરા પીયૂષ પોઈન્ટ પાસે આવેલી કર્મયોગી સોસાયટી-૨માં રહેતો અને વેસુના યુનિકોન પ્લાઝા સ્થિત "ધ લોન્ડ્રી પો" માં ડિલિવરી બોય તરીકે નોકરી કરતો લોકેશ સતીષ ઠાકુર (ઉં.વ.૩૨) તા. ૨૫/૦૯/૨૦૨૬ ના રોજ રાત્રે ચા પીવા ગયા બાદ મોડી રાત્રે આશરે દોઢથી બે વાગ્યાના અરસામાં પોતાની સોસાયટીના ગેટ પાસે આવીને ઊભો હતો. તે સમયે એક ઓટો રિક્ષામાં નાગસેન નગરમાં રહેતો રાજુ કાણીયો, હિમાંશુ ઉર્ફે ગોલીયો અને વીકી નામના શખ્સો આવી પહોંચ્યા હતા. રાજુ અને ગોલીયાએ રિક્ષામાંથી ઊતરી લોકેશને તું લલા કા આદમી હૈ, લલા કહા હૈ? તેમ કહી ઝઘડો કર્યો હતો. લોકેશે કોઈ લલાને ઓળખતો ન હોવાનું જણાવતાં જ ત્રણેય જણાએ તેને જબરદસ્તી રિક્ષામાં બેસાડી અપહરણ કરી નાગસેન નગર ખાતે આવેલા એક ખંડેર મકાનમાં લઈ ગયા હતા. ખંડેર મકાનના પહેલા માળે વીકીએ લોકેશને પકડી રાખ્યો હતો, જ્યારે રાજુ કાણીયા અને ગોલીયાએ તેને હાથ-પગથી આડેધડ માર માર્યો હતો. રાજુ કાણીયાએ લોખંડ જેવા બોથડ પદાર્થ વડે ગાલ અને જડબાના ભાગે ઘા ઝીંકી દઈ ફ્રેક્ચર કરી નાંખ્યું હતું. લોકેશ સતત વિનંતી કરતો રહ્યો કે તે કોઈ લલાને ઓળખતો નથી, છતાંય ગોલીયાએ આજે આનું પૂરું કરી નાંખવાનું છે તેમ કહી ત્રણેય જણાએ ભેગા મળી તેને જાનથી મારી નાંખવાના ઈરાદાથી પહેલા માળેથી નીચે ફેંકી દીધો હતો. ત્યારબાદ રિક્ષાચાલકે પણ તેને ઢીકમુક્કીનો માર માર્યો હતો.

હુમલાખોરો ત્યારબાદ લોકેશને રિક્ષામાં નાખી પાંડેસરા પીયૂષ પોઈન્ટ બ્રિજ નીચે છોડી હવે પછી લલા સાથે દેખાઈશ તો જાનથી મારી નાંખીશું તેવી ધમકી આપી રાત્રે અઢી વાગ્યે ભાગી છૂટ્યા હતા. ઈજાના કારણે તે આખી રાત બ્રિજ નીચે અસહ્ય પીડામાં પડી રહ્યો હતો. સવારે સાતેક વાગ્યે સોસાયટીના રવીન્દ્રભાઈ પાટીલ ત્યાંથી પસાર થતાં લોકેશે તેમને બૂમ પાડી બોલાવ્યા હતા. રવીન્દ્રભાઈએ ઘરે જઈ માતા મનીષાબેનને જાણ કરતાં ૧૦૮ એમ્બુલન્સ મારફતે લોકેશને નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો છે. ડોક્ટરોના જણાવ્યા મુજબ યુવકને કમરના મણકામાં તથા જડબામાં ગંભીર ફ્રેક્ચર થયું છે. સિવિલ હોસ્પિટલના ખાટલેથી પાંડેસરા પોલીસે લોકેશનું નિવેદન નોંધી રાજુ કાણીયો, હિમાંશુ ઉર્ફે ગોલીયો, વીકી અને અજાણ્યા રિક્ષાચાલક વિરુદ્ધ હત્યાની કોશિશનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# દમણમાં અજાણ્યા ઈસમની હત્યામાં સુરતથી બે ઝડપાયા

**હત્યા બાદ** વાપીથી ટ્રેનમાં અમદાવાદ થઈ સુરત ભાગી આવ્યા હતા

સુરતઃ દમણના કચીગામ પોલીસ મથક વિસ્તારમાં ગત તા. ૧૩ સપ્ટેમ્બરના રોજ અજાણ્યા ઈસમની હત્યાના બનાવમાં સંડોવાયેલા બે આરોપીને સુરત ક્રાઈમ બ્રાન્ચે વરાછાના મોહનનગર વિસ્તારમાંથી ઝડપી પાડ્યા છે.

બનાવ અંગે પોલીસે ઘટનાસ્થળ અને આસપાસના CCTV ફૂટેજની તપાસ કરતાં હત્યા કર્યા બાદ અજાણ્યાઓ સુરત તરફ ભાગી ગયા હોવાનું જાણવા મળ્યું હતું. દમણ પોલીસે આ મામલે સુરત ક્રાઈમ બ્રાન્ચનો સંપર્ક કરી મદદ માંગી હતી. ત્યારબાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા CCTV ફૂટેજ તેમજ આરોપીઓના ફોટોગ્રાફના આધારે તપાસ હાથ ધરવામાં આવી હતી.

બાતમીના આધારે સુરત ક્રાઈમ બ્રાન્ચ અને દમણ પોલીસની સંયુક્ત ટીમે દરોડો પાડી શૈલેશ રાકેશ સોની (જાટવ) (ઉં.વ.૨૪, મૂળ મધ્યપ્રદેશ, હાલ બરોડા પ્રિસ્ટેજ, મોહનનગર ફૂટપાથ, વરાછા, સુરત) તથા સન્નીકુમાર રામસજીવન નિશાદ (કેવટ) (ઉં.વ.૨૪, મૂળ ઉત્તરપ્રદેશ, હાલ બરોડા પ્રિસ્ટેજ ખાતે હીરાના કારખાનામાં, વરાછા)ને ઝડપી પાડ્યા હતા. પોલીસની પૂછપરછમાં બંનેએ જણાવ્યું હતું કે આશરે ૧૫ દિવસ અગાઉ તેઓ તેમના મિત્ર આનંદ પાંડે સાથે દમણ ફરવા ગયા હતા. ત્યાં એક ઈસમ સાથે સામાન્ય બોલાચાલી બાદ ત્રણેયે ઈસમને ઢીકાપાટુનો માર માર્યો હતો અને નજીકમાં પડેલી ઈંટ તથા લોખંડના સળિયાથી તેના માથાના ભાગે જીવલેણ ઈજાઓ પહોંચાડી નાસી છૂટ્યા હતા. હત્યા બાદ આરોપીઓ વાપીથી ટ્રેનમાં અમદાવાદ ગયા હતા અને ત્યાંથી પરત સુરત આવી છુપાઈને રહેતા હતા. બંને આરોપીઓને આગળની કાયદેસરની કાર્યવાહી માટે દમણની કચીગામ પોલીસ ટીમને સોંપવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# ધો-10 ,12નું 6 ઓક્ટો.સુધી રજિસ્ટ્રેશન થશે , 30 નવે.થી ઓપન સ્કૂલ એક્ઝામ

**ધોરણ**-10ની પરીક્ષા 8 ડિસેમ્બરે પૂરી થશે, ધોરણ-12 સામાન્ય પ્રવાહની પરીક્ષા 9 ડિસેમ્બર સુધી ચાલશે

**હોલ** ટિકિટમાં દર્શાવેલા વિષય કોડ મુજબ જ પરીક્ષા આપવાની રહેશે

સુરતઃ નિયમિત શિક્ષણ પૂર્ણ ન કરી શકેલા વિદ્યાર્થીઓને ધોરણ-10 અને ધોરણ-12ની પરીક્ષા પાસ કરવાની વધુ એક તક મળી છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ (GSOS) હેઠળ નવેમ્બર-ડિસેમ્બર 2026માં યોજાનારી ધોરણ-10 અને ધોરણ-12 સામાન્ય પ્રવાહની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. બંને ધોરણની પરીક્ષાનો પ્રારંભ 30 નવેમ્બર 2026થી થશે.

GSOS હેઠળ યોજાનારી આ ખાસ પરીક્ષા માટે ઓનલાઈન રજિસ્ટ્રેશનની પ્રક્રિયા હાલમાં ચાલી રહી છે. ઉમેદવારો 6 ઓક્ટોબર 2026 સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે. પરીક્ષાર્થીઓ માટે બોર્ડે અગાઉથી કાર્યક્રમ જાહેર કરતાં હવે વિદ્યાર્થીઓને પરીક્ષાની તૈયારી માટે સમયપત્રક ગોઠવવામાં સરળતા રહેશે. જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ ધોરણ-10ની પરીક્ષા 30 નવેમ્બરથી શરૂ થઈ 8 ડિસેમ્બર સુધી ચાલશે. જ્યારે ધોરણ-12 સામાન્ય પ્રવાહની પરીક્ષા 30 નવેમ્બરથી શરૂ થઈ 9 ડિસેમ્બર સુધી યોજાશે.

જોકે ધોરણ-12ના કેટલાક વિષયોના પેપર માટે સામાન્ય પરીક્ષાથી અલગ સમય રાખવામાં આવ્યો છે. ખાસ કરીને સંગીત સિદ્ધાંતની પરીક્ષા સવારે 10.30થી બપોરે 12.45 વાગ્યા સુધી લેવામાં આવશે. જ્યારે કમ્પ્યુટર પરિચયની પરીક્ષા બોર્ડના નિર્ધારિત પદ્ધતિ મુજબ લેવામાં આવશે અને તેનો સમય અન્ય સામાન્ય વિષયોના પેપર કરતાં ઓછો રહેશે.

### વિષય કોડમાં ભૂલ ન થાય તેનું ધ્યાન રાખવું પડશે

GSOSના પરીક્ષાર્થીઓ માટે સૌથી મહત્ત્વની બાબત એ છે કે તેમણે હોલ ટિકિટમાં દર્શાવાયેલા વિષય અને વિષય કોડ મુજબ જ પરીક્ષા આપવાની રહેશે. ખાસ કરીને ભાષા અને વ્યવસાયલક્ષી વિષયોમાં વિવિધ વિકલ્પો હોવાથી પરીક્ષાર્થીઓએ પરીક્ષા પહેલાં પોતાના હોલટિકિટમાં દર્શાવેલો વિષય કોડ ચકાસી લેવો પડશે. ખોટા વિષયના પેપરમાં બેસવાથી છેલ્લી ઘડીએ મુશ્કેલી ઊભી ન થાય તે માટે વિદ્યાર્થીઓને અગાઉથી હોલ ટિકિટની વિગતો તપાસવા સૂચના આપવામાં આવી છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### નવરાત્રિમાં 50થી...

બ્રિગેડ સરળતાથી પહોંચી શકે તે માટે રસ્તા ખુલ્લા રાખવા અને સુરક્ષા વ્યવસ્થા સજ્જ રાખવા પર ભાર મૂકાયો છે.

500 ચોરસ મીટરથી વધુ ક્ષેત્રફળ અને 9 મીટરથી વધુ ઊંચાઈ ધરાવતા પંડાલમાં 50થી વધુ લોકો એકત્રિત થવાના હોય તો હાજર તમામ લોકોની વિગતોનો રેકોર્ડ રાખવો ફરજિયાત રહેશે. આયોજકોએ નામ, મોબાઈલ નંબર અને સરનામું સહિતની વિગતો સાચવવાની રહેશે. પંડાલની ક્ષમતા પ્રમાણે જ પ્રવેશ આપવાનો રહેશે અને વ્યક્તિદીઠ ઓછામાં ઓછી 1 ચોરસ મીટર જગ્યા રાખવી પડશે. મુખ્ય સ્ટેજ મેઈન રોડથી 45 મીટરથી વધુ દૂર રાખી શકાશે નહીં. પ્રવેશદ્વારની પહોળાઈ અને ઊંચાઈ ઓછામાં ઓછી 5 ફૂટ રાખવાની રહેશે. પંડાલની અંદર ખાણી-પીણી સહિતના કોમર્શિયલ સ્ટોલને મંજૂરી રહેશે નહીં. ઈલેક્ટ્રિકલ વાયરિંગની માન્ય ઈલેક્ટ્રિકલ એન્જિનિયર પાસે તપાસ કરાવી ફિટનેસ સર્ટિફિકેટ મેળવવું પડશે. પબ્લિક એડ્રેસ સિસ્ટમ પણ કાર્યરત રાખવી પડશે. દુર્ઘટના સમયે ફાયર એક્સ્ટિંગ્યુશરનો ઉપયોગ કરી શકે અને પંડાલ ખાલી કરાવી શકે તેવા 2થી 3 પ્રશિક્ષિત સુરક્ષા ગાર્ડને રાઉન્ડ ધ ક્લોક તહેનાત રાખવાના રહેશે. ફાયર વિભાગે આયોજકો પાસેથી બાંયધરીપત્ર પણ માંગ્યું છે. ફાયર બ્રિગેડના વાહનને રસ્તો ન મળવાથી કોઈ જાનમાલનું નુકસાન થશે તો તેની સંપૂર્ણ ફોજદારી અને સિવિલ જવાબદારી સંચાલક-મેનેજરની રહેશે.

### આયોજકોએ કયા...

17. ઈમરજન્સીમાં પંડાલ ઝડપથી ખાલી કરાવવાની વ્યવસ્થા રાખવી.
18. આગ કે અન્ય દુર્ઘટના બને તો ફાયર વિભાગને તાત્કાલિક જાણ કરવાની વ્યવસ્થા રાખવી.
19. તમામ જરૂરી ફાયર સેફ્ટી સાધનો કાર્યરત સ્થિતિમાં રાખવા.
20. ફાયર બ્રિગેડના વાહનોની અવરજવરમાં કોઈ અડચણ ન આવે તેની ખાતરી કરવી.
21. ઈમરજન્સી સમયે લોકોના સલામત બહાર નીકળવા માટે પૂરતી વ્યવસ્થા રાખવી.
22. પંડાલમાં લોકોની ભીડ ક્ષમતા કરતાં વધી ન જાય તેનું સતત મોનિટરિંગ કરવું.
23. ટેમ્પરરી સ્ટ્રક્ચરની સલામતી અંગે જરૂરી પ્રમાણપત્રો મેળવવા.
24. ઈલેક્ટ્રિકલ સિસ્ટમમાં શોર્ટ સર્કિટનું જોખમ ન રહે તેની તકેદારી રાખવી.
25. ફાયર સેફ્ટી અંગે આયોજકો અને મેનેજરની જવાબદારી નિશ્ચિત કરવી.
26. ફાયર વિભાગની તમામ મંજૂરી અને શરતોનું પાલન કરવું.
27. આયોજક તરફથી બાંયધરીપત્ર રજૂ કરવું.
28. રસ્તા કે ઈમરજન્સી માર્ગ પર કોઈ પ્રકારનું અતિક્રમણ ન કરવું.
29. દુર્ઘટના સમયે તાત્કાલિક બચાવ કામગીરી માટે સ્ટાફને તૈયાર રાખવો.
30. નિયમોના ભંગને કારણે જાનમાલનું નુકસાન થાય તો સંચાલક-મેનેજર જવાબદારી માટે તૈયાર રહેવું.

### રૂ.25 હજારની...

હોવાથી ACBનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે સુરત ગ્રામ્ય ACB પોલીસ ઈન્સ્પેક્ટર એસ.ડી. ધોબીની આગેવાની હેઠળ લાંચનું છટકું ગોઠવવામાં આવ્યું હતું. તા.28 સપ્ટેમ્બરના રોજ તાપીપુરા, મુગલીસરા ખાતે સુરત મહાનગરપાલિકાની કચેરીમાં આવેલી સિક્યુરિટી ઓફિસરની ચેમ્બરમાં છટકું ગોઠવાયું હતું. દરમિયાન સિક્યુરિટી ઓફિસર શૈલેષ પારેખે ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી રૂ.25 હજારની લાંચની માંગણી કરી હતી અને લાંચની રકમ સ્વીકારતા ACBની ટીમે તેને રંગે હાથ ઝડપી પાડ્યો હતો.

ACBની ટીમે આરોપી પાસેથી લાંચની રૂ.25 હજારની રકમ પણ રિકવર કરી હતી. આરોપી શૈલેષ પારેખ વર્ષ 2017થી નોકરી કરતો હોવાનું અને હાલમાં આશરે રૂ.84 હજાર જેટલો માસિક પગાર મેળવતો હોવાનું તપાસમાં જાણવા મળ્યું છે. ACBએ આરોપી વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### કેદારનાથ વિસ્તારમાં...

મુકાયા હતા. સુરતના અલથાણ વિસ્તારના રંજનબેન પંચાલનો એક ભાવુક વીડિયો વાયરલ થયો હતો, જેમાં તેમણે ગુજરાત સરકાર પાસે મદદની માંગણી કરી હતી. જોકે, રાહતના સમાચાર એ છે કે સ્થાનિક પ્રશાસનની મદદ અને હવામાન સાફ થતાં તમામ યાત્રિકો સુરક્ષિત રીતે બહાર નીકળી ગયા છે અને આગળની યાત્રા માટે રવાના થયા છે.

### 'ગુજરાત સરકાર...

કેદારનાથ આવ્યા છીએ. સતત વરસાદના કારણે અમે અહીંયા ફસાયા છીએ. ગુજરાત સરકારને અપીલ કરું છું કે અમને અહીંયાથી સુરક્ષિત રીતે અમારા સ્થળે પહોંચાડવામાં મદદ કરે. પ્લીઝ અમને હેલ્પ કરો." વીડિયોમાં તેમણે કેમેરો ફેરવીને આસપાસની સ્થિતિ બતાવી હતી, જેમાં પહાડો, ખુલ્લા મેદાનો અને તંબુઓમાં આશરો લઈ રહેલા ચિંતિત યાત્રાળુઓ નજરે પડતા હતા.

### ભારે વરસાદ...

યાત્રિકોનું ગ્રૂપ (જેમાં 8 સુરતના અને 6 અમદાવાદના) ત્યાં ફસાઈ ગયું હતું. યાત્રિકોના પહેરવાના કપડાં પલળી ગયા હતા અને તેમનો મુખ્ય સામાન નીચે તળેટીમાં રહી ગયો હતો. સ્થાનિક પ્રશાસન દ્વારા રસ્તા પુનઃ ખૂલવા સંદર્ભે કોઈ સંતોષકારક જવાબ ન મળતાં યાત્રિકોમાં ગભરાટ અને ચિંતાનો માહોલ સર્જાયો હતો.

### ધુમાડાના ગોટેગોટા...

ઓલવવાની કામગીરી દરમિયાન અશ્વિનીકુમાર ફાયર સ્ટેશનના જવાન રાજેશ ડાભી સતત ધુમાડા અને ભારે હીટ વચ્ચે કામગીરી કરી રહ્યા હતા. તે દરમિયાન ગૂંગળામણ થતાં તેઓ બેભાન થઈ ગયા હતા. અન્ય ફાયર જવાનોએ તેમને તાત્કાલિક બહાર કાઢી 108 મારફતે સ્મીમેર હોસ્પિટલમાં ખસેડ્યા હતા. હોસ્પિટલમાં તેમની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.

### દિવાળી...

આવી રહી છે. ઘટનાસ્થળે ફાયરના ઉચ્ચ અધિકારીઓ અને સ્થાનિક પોલીસનો કાફલો પણ પહોંચી ગયો હતો અને પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી હતી. આગ સંપૂર્ણ કાબૂમાં આવ્યા બાદ જ નુકસાનીનો સાચો અંદાજ જાણી શકાશે.

### માર્કેટ બંધ...

પરંતુ, સાવચેતીના ભાગરૂપે માર્કેટ બંધ કરાવવામાં આવી છે. સ્ટ્રક્ચરનો રિપોર્ટ આવ્યા બાદ અન્ય ફ્લોર ખોલવા બાબતે નિર્ણય લેવામાં આવશે.

### પાર્લે પોઈન્ટની...

આવશે. તપાસ દરમિયાન કોઈ ક્ષતિ કે ગેરરીતિ મળી આવશે તો નિયમ મુજબ કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે.

મોંઘા ભાવ વસૂલતી જાણીતી રેસ્ટોરન્ટમાં ખાદ્યસામગ્રીની ગુણવત્તા અંગે આક્ષેપો સામે આવતાં ગ્રાહકોમાં પણ નારાજગી જોવા મળી રહી છે. હવે ફૂડ વિભાગની સ્થળ તપાસમાં હકીકતમાં શું સામે આવે છે તેના પર સૌની નજર છે.

### તમામ યાત્રિકો...

મારફતે રેસ્ક્યૂ કરી સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. બાકીના 11 લોકો ફસાયેલા હોવાના સમાચારથી સુરતમાં તેમના પરિવારજનોમાં ભારે ગભરાટ ફેલાયો હતો. પરંતુ, સુરત જિલ્લા ડિઝાસ્ટર કંટ્રોલ રૂમ દ્વારા આપવામાં આવેલી સત્તાવાર માહિતી મુજબ, હવામાન સાફ થતાં રસ્તાઓ ફરી ખુલી ગયા હતા. રંજનબેન પંચાલ સાથે સંપર્ક થતાં પુષ્ટિ કરવામાં આવી છે કે તમામ યાત્રિકો સુરક્ષિત રીતે નીચે ઉતરી ગયા છે. હાલ કોઈ પણ યાત્રિક ત્યાં ફસાયેલું નથી અને આ ગ્રૂપ પોતાની યાત્રા આગળ વધારતા જોશીમઠ તરફ જઈ રહ્યું છે. તમામ લોકો સુરક્ષિત હોવાના સમાચારથી સુરતમાં તેમના પરિવારોએ રાહતનો શ્વાસ લીધો છે.

### સાત દુકાનો...

દુકાનના માળિયામાં (મેઝેનાઇન ફ્લોર પર) આ આગ ભભૂકી ઊઠી હતી, જે જોતજોતામાં આખી દુકાનમાં ચારેય તરફ ફેલાઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ સુરત ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને પરિસ્થિતિને કાબૂમાં લેવાના પ્રયાસો શરૂ કર્યા હતા.

સોમવારે સામાન્ય કામકાજનો દિવસ હોવાથી માર્કેટમાં વેપારીઓ, ખરીદદારો અને શ્રમિકોની ભારે અવરજવર હતી. પહેલા માળની એક દુકાનમાંથી અચાનક ધુમાડાના ગોટેગોટા નીકળતાં લોકોમાં દોડધામ મચી ગઈ હતી. થોડી જ વારમાં આગ અને ધુમાડો સમગ્ર માળમાં ફેલાઈ જતાં લોકો જીવ બચાવવા માટે સીડીઓ તરફ દોડ્યા હતા. જાણ થતાં જ શહેરના વિવિધ ફાયર સ્ટેશનની ટીમો, ડિવિઝનલ ફાયર ઓફિસર, પોલીસ તથા મનપાની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પહેલા માળે 10 દુકાનોને જોડીને એક મોટી દુકાન બનાવવામાં આવી હોવાનું જાણવા મળ્યું હતું. દુકાનના માળિયા તરફથી આગ શરૂ થઈ હોવાનું પ્રાથમિક રીતે સામે આવ્યું હતું. અંદર સિન્થેટિક કાપડ, સાડીઓ અને રો-મટિરિયલનો મોટો જથ્થો હોવાથી આગની સાથે ભારે હીટ અને રેડિયેશન સર્જાયું હતું. ફાયર વિભાગે પાણીનો મારો ચલાવવાની સાથે સ્કાઈલિફ્ટ અને બ્રોન્ટો જેવાં આધુનિક સાધનોની મદદથી બહારથી પણ ચારેય તરફથી પાણીનો મારો ચલાવ્યો હતો. બિલ્ડિંગની ઇન-બિલ્ટ ફાયર સેફ્ટી સિસ્ટમ પણ કાર્યરત હોવાનું જાણવા મળ્યું હતું. ભારે જહેમત બાદ આશરે ત્રણ કલાકની કામગીરી પછી આગ પર સંપૂર્ણ કાબૂ મેળવવામાં આવ્યો હતો.

### નવી ઈ...

બેટરીની કેપેસિટી વધુ હોવાથી 200થી વધુ કિલોમીટર દોડવાની ક્ષમતા હોય, મનપાની ઈબસનો આખા દિવસનો એટલે કે 190 કિમીનો રૂટ સિંગલ ચાર્જિંગમાં પૂરો કરશે.

હાલ સુરત શહેરમાં સિટીબસ અને બીઆરટીએસ મળીને 650થી વધુ બસો વિવિધ રૂટ પર દોડે છે અને દરરોજ 2.25 લાખથી વધુ મુસાફરો તેનો લાભ લઈ રહ્યા છે. શહેરીજનોને ઓછા દરે જાહેર પરિવહનની સુવિધા મળી રહે તે સાથે પર્યાવરણને અનુકૂળ પરિવહન વ્યવસ્થા વિકસાવવા પાલિકા ડીઝલ બસોના સ્થાને ઈલેક્ટ્રિક બસોનો ઉપયોગ વધારવા માગે છે. હાલ ટ્રાયલ માટે પાલિકા પાસે એક ઈલેક્ટ્રિક બસ ઉપલબ્ધ છે. મંગળવારથી આ બસને રૂટ નંબર 17 એટલે કે પાલથી કામરેજ વચ્ચે દોડાવવામાં આવશે. ટ્રાયલ દરમિયાન બસની કામગીરી, રૂટ પરનો પ્રતિસાદ અને જરૂરી માપદંડોની ચકાસણી કરવામાં આવશે. ટ્રાયલ રન દરમિયાન મળેલા પ્રતિસાદ અને કામગીરી અંગેનો રિપોર્ટ ઉચ્ચ અધિકારીઓ સમક્ષ રજૂ કરવામાં આવશે. બસ તમામ જરૂરી માપદંડો પર ખરી ઉતરશે તો ત્યારબાદ આગળની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. નવેમ્બરમાં 100 નવી ઈલેક્ટ્રિક બસો ઉપલબ્ધ થાય તો તબક્કાવાર તેમને શહેરના જાહેર પરિવહન નેટવર્કમાં સામેલ કરવામાં આવશે.

### અમરોલીમાં મકાનના...

અને પથ્થરમારો થયો હતો. ઘટનાને પગલે સોસાયટીમાં દહેશતનો માહોલ સર્જાતાં અમરોલી પોલીસ દોડી આવી હતી અને ટોળાને વિખેરવા હળવો લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. અથડામણમાં બંને પક્ષના ૧૦થી વધુ લોકોને ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા. પોલીસે બંને પક્ષની સામસામે ફરિયાદ નોંધી રાયોટિંગનો ગુનો દાખલ કરી પાંચ આરોપીઓને ઝડપી પાડ્યા છે.

મળતી વિગતો મુજબ, મનીષા સોસાયટીમાં રહેતા સંજય વરિયાની ફરિયાદ મુજબ ગત રાત્રે આશરે ૧૦થી ૧૦.૩૦ વાગ્યાના અરસામાં ધીરુ મોહન રબારી ઉર્ફે ધીરુ ફાઈનાન્સર, રિંકલ ધીરુ રબારી, લાલુ ધીરુ રબારી ઉર્ફે આદિત્ય, આર્યન ધરમશી રબારી, વિશાલ સાહર રબારી, રુશિલ સાહર રબારી, રોહિત અમૃત રબારી, રાહુલ અમૃત રબારી અને અંકિત અમૃત રબારી સહિતનું ટોળું પાવડા અને લાકડીઓ સહિતના હથિયારો સાથે ધસી આવ્યું હતું. ફરિયાદમાં જણાવ્યા મુજબ, જૂની અદાવત રાખી સંજય વરિયા અને તેમના પરિવારજનો પર હુમલો કરવામાં આવ્યો હતો. આડેધડ પાવડા અને લાકડીઓ વડે હુમલો થતાં મહિલાઓ સહિત પરિવારના સાત સભ્યને ઈજા પહોંચી હતી.

તમામ ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ત્યારબાદ વધુ સારવાર માટે તેમને ઉધના દરવાજા નજીક આવેલી ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા.

બીજી તરફ સામા પક્ષના લોકોને પણ ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સંજય વરિયાએ ફરિયાદમાં મકાનના વિવાદને પણ હુમલા પાછળનું એક કારણ ગણાવ્યું છે. તેમના જણાવ્યા મુજબ, અગાઉ ભાડૂઆત રાખવા બાબતે થયેલી બોલાચાલીની અદાવત રાખવામાં આવી હતી. તેમજ મકાન પચાવી પાડવાના ઈરાદે અગાઉ પણ વિવાદ અને હુમલાની ઘટનાઓ બની હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ઘટનાની જાણ થતાં અમરોલી પોલીસનો કાફલો તાત્કાલિક મનીષા સોસાયટીમાં પહોંચી ગયો હતો. બંને પક્ષના લોકો સામસામે આવી જતા પરિસ્થિતિ વણસે નહીં તે માટે પોલીસે હળવો લાઠીચાર્જ કરી ટોળાને વિખેરી સ્થિતિ કાબૂમાં લીધી હતી. દરમિયાન ઘટનાના CCTV ફૂટેજ અને મોબાઈલમાં ઉતારવામાં આવેલા વિડીયો પણ સામે આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

આ મામલે સંજય વરિયાની ફરિયાદમાં ધીરુ રબારી સહિત કુલ ૧૪ લોકો સામે ફરિયાદ નોંધાઈ છે. જ્યારે સામા પક્ષે આર્યન રબારીએ સંજય વરિયા સહિત છ લોકો સામે ફરિયાદ નોંધાવી છે. અમરોલી પોલીસે બંને પક્ષની ફરિયાદના આધારે રાયોટિંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. પોલીસે ધર્મેશ કિશોરભાઈ પ્રજાપતિ (ઉં.વ. ૨૧, રહે. મનીષા સોસાયટી, અમરોલી, મૂળ મોણપર, તા.મહુવા, જિ.ભાવનગર), વિશાળ સાહરભાઈ રબારી (ઉં.વ.૨૮, દૂધનો વેપાર, રહે., મનીષા સોસાયટી, અમરોલી, મૂળ ગણેશપુરા, જિ.પાટણ), રવિ નરસિંહભાઈ પાંડવ (ઉં.વ.૨૭, રહે., સચ્ચિદાનંદ એપાર્ટમેન્ટ, અમરોલી, મૂળ ડુંગર, તા.મહુવા, જિ.ભાવનગર), વિજયભાઈ પીતાંબરભાઈ પ્રજાપતિ (ઉં.વ.૪૪, રત્નકલાકાર, રહે., મનીષા સોસાયટી, અમરોલી, મૂળ મોણપર, તા.મહુવા, જિ.ભાવનગર) અને ચિરાગ ધીરૂભાઈ કળસરીયા (ઉં.વ.૨૧, અભ્યાસ, રહે., મનીષા સોસાયટી, અમરોલી, મૂળ મોણપર, તા.મહુવા, જિ.ભાવનગર) ની ધરપકડ કરી છે.

# કપાસના ટેકાના ભાવ માટે 31 ઓક્ટોબર સુધી નોંધણી

ગાંધીનગરઃ ગુજરાતમાં 2026-27ની ખરીફ સીઝનના કપાસની ટેકાના ભાવે ખરીદી માટે નોંધણી પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ટેકાના ભાવે કપાસ વેચવા ઈચ્છુક ખેડૂતો 31 ઓક્ટોબર, 2026 સુધી ભારતીય કપાસ નિગમ (CCI)ની 'કપાસ કિસાન' મોબાઈલ એપ પર ઓનલાઈન નોંધણી કરાવી શકશે. રાજ્યના કપાસ ઉત્પાદક ખેડૂતોને સમયમર્યાદા પહેલાં સત્વરે નોંધણી કરાવવા ખેતી નિયામક તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. ભારત સરકારે ચાલુ ખરીફ સીઝન માટે જાહેર કરેલા લઘુત્તમ ટેકાના ભાવ મુજબ લંબતારી કપાસનો ભાવ રૂ.8,667 પ્રતિ ક્વિન્ટલ અને મધ્યમ તારી કપાસનો ભાવ રૂ.8,267 પ્રતિ ક્વિન્ટલ નક્કી કરવામાં આવ્યો છે. કપાસની ટેકાના ભાવે ખરીદીનો લાભ લેવા ખેડૂતો માટે 'કપાસ કિસાન' એપ પર નોંધણી જરૂરી રહેશે. એપ પર નોંધણી કરાવ્યા બાદ ખેડૂતોને ટેકાના ભાવે ખરીદી, ખરીદી કેન્દ્રો તેમજ અન્ય સંબંધિત માહિતી સરળતાથી મળી શકશે.


Muthoot Homefin
Muthoot Homefin (India) Ltd.

CIN-U65922KL2011PLC029231
કોર્પોરેટ ઓફિસઃ મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ, ૧૯/ઈ, ધ રૂબી, સેનાપતિ બાપટ માર્ગ, તુલસી પાઇપ રોડ, રૂપારેલ કોલેજ નજીક, દાદર વેસ્ટ, મુંબઈ - ૪૦૦૦૨૮.
શાખા ઓફિસઃ મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ, ૫૦૩, સેફાયર બિઝનેસ હબ, એલ.પી. સવાણી રોડ, મધુવન સર્કલ નજીક, અડાજણ, સુરત, ગુજરાત - ૩૯૫૦૦૯.

પરિશિષ્ટ-IV-A [નિયમ ૮(૬)ના પ્રાવધાન જુઓ]

ખાનગી કરાર દ્વારા વેચાણ માટેની જાહેર નોટિસ

સિક્યોરિટીઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ ઉધારકર્તા/ઓ પાસેથી બાકી નીકળતી રકમની વસૂલાત માટે મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા નીચે જણાવેલ ગીરો મિલકતનો કબજો લીધા પછી, 'જે જ્યાં છે જ્યાં સ્થિતિમાં છે', 'જે જેમ છે તેમ છે' અને 'જે પણ કંઈ છે તે ધોરણે' નીચે વર્ણવેલ સ્થાવર મિલકત ખરીદવા માટે નીચે સહી કરનાર દ્વારા સીલબંધ કવરમાં ઓફરો આમંત્રિત કરવામાં આવે છે, જેની વિગતો નીચે મુજબ છેઃ-

| ક્રમ નં. | ઉધારકર્તા(ઓ) / સહ-ઉધારકર્તા(ઓ) / જામીનદાર(ઓ) / લોન એકાઉન્ટ નં. / શાખા | માંગણી નોટિસની તારીખ અને રકમ | સ્થાવર મિલકતનું વર્ણન | રિઝર્વ પ્રાઇસ | અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) (રિઝર્વ પ્રાઇસના ૧૦%) |
|---|---|---|---|---|---|
| ૧. | સતીશ માવાભાઈ લુહાર / આશાબેન સતીશભાઈ લુહાર / 004-00402072 / સુરત | ૧૦-સપ્ટેમ્બર-૨૦૧૯ / રૂ. ૮,૦૨,૨૫૦/- રૂપિયા આઠ લાખ બે હજાર બસો પચાસ પૂરા | જી-૧, વૈભવ રેસીડેન્સી, સુરત મુંબઈ હાઇવે નજીક, કડોદરા, પલસાણા, સુરત, સુરત, ગુજરાત - ૩૯૪૩૨૭ | રૂ. ૨,૦૦,૦૦૦/- રૂપિયા બે લાખ પૂરા. | રૂ. ૨૦,૦૦૦/- રૂપિયા વીસ હજાર પૂરા |
| ૨. | પંકજકુમાર સિદ્ધાદીનાથ પાંડે / રાગિણીકુમારી પંકજ પાંડે / 004-00401447 / સુરત | ૩૦-જાન્યુઆરી-૨૦૧૯ / રૂ. ૮,૮૮,૨૧૯/- રૂપિયા આઠ લાખ અઠ્યાસી હજાર બસો ઓગણીસ પૂરા | પ્લોટ નં. ૯૨, ડિવાઇન રેસીડેન્સી, ક્ષેત્રફળ ૪૨.૩૮ ચો.મીટર, બ્લોક નં-૭૫૩, મોજે-હથુરણ, તા-માંગરોળ, જી-સુરત- ૩૯૪૧૨૫ ગુજરાત. જોઈન્ટ સબ રજીસ્ટ્રાર માંગરોળની કચેરીમાં તારીખ ૧૯/૦૯/૨૦૧૭ના વેચાણ દસ્તાવેજ નં. ૫૨૩૭/૨૦૧૭માં વધુ વિગતવાર ઉલ્લેખિત છે. | રૂ. ૨,૭૫,૦૦૦/- રૂપિયા બે લાખ પંચોતેર હજાર પૂરા | રૂ. ૨૭,૫૦૦/- રૂપિયા સત્તાવીસ હજાર પાંચસો પૂરા |
| ૩. | દિનેશભાઈ દામજીભાઈ ગરાણીયા / અશ્વિનભાઈ દામજીભાઈ ગરાણીયા / 004-00401580 / સુરત | ૨૨-ડિસેમ્બર-૨૦૨૫ / રૂ. ૯,૩૬,૩૯૭/- રૂપિયા નવ લાખ છત્રીસ હજાર ત્રણસો સત્તાણું પૂરા | સુરત જિલ્લાના પલસાણા તાલુકાના મોજે તાતીથૈયા ગામની બિન-ખેતીની જમીનમાં બ્લોક નં. ૨૭૮/બીમાં રહેણાંક હેતુ માટે આયોજિત સોસાયટી, જે "સારિથ ટાઉનશિપ" જગ્યા પર તરીકે ઓળખાય છે, તે સોસાયટીમાં રહેણાંકના ખુલ્લા પ્લોટો પૈકી પ્લોટ નં. ૫૪૮, જે મહેસૂલી રેકોર્ડ મુજબ બ્લોક નં. ૨૭૮/બી/૫૪૮ તરીકે ઓળખાય છે, જેનું ક્ષેત્રફળ આશરે ૫૮.૩૪ ચોરસ મીટર છે, એટલે કે ખુલ્લા પ્લોટની ૬૯.૭૭ ચોરસ મીટર જમીન અને તેને અડીને આવેલા અંદરના અને બહારના તમામ ડ્રાય યુઝના હક્કો સહિતની કુલ સિક્યોર્ડ પ્રોપર્ટી, | રૂ. ૮,૭૦,૦૦૦/- રૂપિયા આઠ લાખ સિત્તેર હજાર પૂરા | રૂ. ૮૭,૦૦૦/- રૂપિયા સત્યાસી હજાર પૂરા |

૧. હરાજી "જે જ્યાં છે જ્યાં સ્થિતિમાં છે" અને "જે જેમ છે તેમ છે"ના ધોરણે યોજવામાં આવી રહી છે.
૨. હરાજી વેચાણની વિગતવાર શરતો અને નિયમો નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં સામેલ છે, જે ઉપર દર્શાવેલ પ્રાદેશિક કચેરી ખાતે ઉપલબ્ધ છે.
3. નિયત ટેન્ડર ફોર્મમાં સીલબંધ બોલી/ઓફર જમા કરાવવાની છેલ્લી તારીખ EMDના ડિમાન્ડ ડ્રાફ્ટ (જે 'Muthoot Homefin (India) Ltd'ના નામે હોવો જોઈએ) અને KYC સાથે ૨૦-ઓક્ટોબર-૨૦૨૬ના રોજ સાંજે ૦૪:૦૦ વાગ્યા સુધી ઉપર જણાવેલ સરનામે પ્રાદેશિક કચેરી ખાતે રહેશે. જે ટેન્ડર સંપૂર્ણ રીતે ભરાયેલા ન હોય અથવા છેલ્લી તારીખ પછી મળેલા ટેન્ડરોને અમાન્ય ગણવામાં આવશે અને તે મુજબ રદ કરવામાં આવશે. EMD પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.
૪. સ્થાવર મિલકતના નિરીક્ષણની તારીખ ૧૯-ઓક્ટોબર-૨૦૨૬ના રોજ બપોરે ૦૧:૦૦ વાગ્યાથી બપોરે ૦૩:૦૦ વાગ્યા સુધી છે.
૫. મિલકત માટે બોલી/ઓફર ઓક્શન ખોલવાની તારીખ ૨૧-ઓક્ટોબર-૨૦૨૬ના રોજ બપોરે ૦૧:૦૦ વાગ્યે અધિકૃત અધિકારી દ્વારા ઉપર જણાવેલ શાખા કાર્યાલયના સરનામે રહેશે.
૬. MHIL કોઈપણ બાકી કાનૂની નોટિસ અને બોજા/ટેક્સ બાકી વગેરેની ચુકવણી માટે જવાબદાર રહેશે નહીં, જો કોઈ હોય તો અને તે રકમ ચૂકવવાની જવાબદારી સફળ હરાજી ખરીદનારની રહેશે. ઇચ્છુક બોલીદાતાએ મિલકતના બોજા અને ટાઇટલ અંગે પોતાની સ્વતંત્ર તપાસ કરવી જોઈએ અને જાતે તપાસ કરીને સંતોષ મેળવવો જોઈએ.
૭. સર્વોચ્ચ બોલીદાતા MHILના અધિકૃત અધિકારીની મંજૂરીને આધીન રહેશે. અધિકૃત અધિકારી પાસે કોઈપણ કારણ આપ્યા વિના મળેલી તમામ અથવા કોઈપણ ઓફર/બોલી સ્વીકારવાનો અધિકાર અનામત રહેશે. તેમનો નિર્ણય અંતિમ અને બંધનકર્તા રહેશે.
૮. ઉધારકર્તા(ઓ)/જામીનદાર(ઓ)ને આથી સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળ ૧૫ દિવસની વેચાણ નોટિસ આપવામાં આવે છે કે તેઓ હરાજીની તારીખ પહેલાં ઉપર દર્શાવેલ રકમ ચૂકવી દે, તેમ ન કરવામાં આવે તો સ્થાવર મિલકતની હરાજી કરવામાં આવશે અને બાકીની રકમ, જો કોઈ હોય તો, વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરવામાં આવશે. જો ઉધારકર્તા વેચાણની તારીખ પહેલાં મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડને બાકી લેણી રકમ સંપૂર્ણપણે ચૂકવી દે છે, તો હરાજી રદ થવા પાત્ર રહેશે.

વધુ વિગતો માટે, ઉપર જણાવેલ ઓફિસ સરનામે અધિકૃત અધિકારીનો સંપર્ક કરો.સંપર્ક વ્યક્તિ- અમર પાટીલ - ૯૭૩૭૦૫૭૭૪૪.

તારીખઃ ૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૬
સ્થળઃ સુરત

સહી/- અધિકૃત અધિકારી
મૂથૂટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ